# આજે નવા સેક્ટરોમાં પાણી આવશે-જુનામાં બંધ



(તસવીર : કશ્યપ નિમાવત)

પાણીનો મહિમા - ગાંધીનગરમાં શનિવારે પાણી પુરવઠો બંધ રહેવાની સુચનાથી નગરની ગૃહિણીઓએ વાસણોમાં વપરાશ જેટલું પાણી ભરી જરૂરિયાત સંતોષવા આગોતરૂ આયોજન કર્યું હતું.

## સે-૧થી ૧૩માં આજે પાણીનો સપ્લાય ચાલુ રહેશે : ફોર્સ ઘટશે : સંત સરોવર નજીક સ્થિત રેડીયલ વેલમાં સાબરમતીના ઉપલબ્ધ પાણીનો ઉપયોગ કરી સપ્લાય અપાશે : સે-૧૪થી ૩૦માં સપ્લાય બંધ રહેશે

ગાંધીનગર, તા.૧૯

ગુડા વિસ્તારમાં પાણીની લાઈનનું જોડાણ આપવાની કામગીરીને અનુલક્ષી આજે શહેરમાં પાણી પુરવઠો સપ્લાય કરવામાં આવશે નહીં. પરંતુ સંત સરોવરના કારણે નજીકમાં સ્થિત રેડીયલ વેલમાં સાબરમતીનું પાણી ઉપલબ્ધ થતા સે-૧ થી ૧૩માં આ વ્યવસ્થાના આધારે આજે પાણી પુરવઠો ચાલુ રાખવામાં આવશે પાણીનો ફોર્સ ઓછો રહેવાની સંભાવના છે.

ગુડા વિસ્તારમાં પાણીની લાઈનનું જોડાણ આપવાની કામગીરી હાથ ધરવામાં આવી હોવાથી તંત્ર દ્વારા તા. ૨૦ સપ્ટેમ્બરના રોજ શહેરમાં પાણી પુરવઠો બંધ રાખવાની જાહેરાત કરવામાં આવી હતી. આ મામલે નાગરિકોને સતર્ક રહેવા જણાવાયું છે. જો કે નવા સેકટરોના રહીશો માટે સારા સમાચાર એ છે કે સંત સરોવર નજીકના રેડીયલ વેલમાં સાબરમતીનું પાણી ઉપલબ્ધ બનતા સે-૧ થી ૧૩માં આ વ્યવસ્થાના આધારે આજે પાણી સપ્લાય કરવામાં આવશે. માર્ગ મકાન વિભાગ દ્વારા ગુજરાત પાણી પુરવઠા બોર્ડની લેબોરેટરીમાં પાણીની ગુણવત્તાની ચકાસણી પણ કરી દેવાઈ છે. જેના પરિણામે ઉપલબ્ધ આ વ્યવસ્થાના આધારે સે-૧ થી ૧૩માં આજે નિયત સમયે પાણી પુરવઠો સપ્લાય કરવામાં આવશે. જો કે પાણીનો ફોર્સ થોડો ઘટી જવાની સંભાવના છે. જયારે સે-૧૪ થી ૩૦માં પાણી પુરવઠો બંધ રહેશે તેમ પણ સૂત્રોએ જણાવ્યું છે.

# દરેક નોરતે નવા ડ્રેસ પહેરવા ખેલૈયાઓ ખરીદવા કરતા ભાડે લેવાનુ વધુ પસંદ કરે છે

## ગાંધીનગરમાં નવરાત્રિના ચણિયાચોળી-કેડિયાં-ઓર્નામેન્ટ્સ ભાડે આપવાનો ધીકતો ધંધો : કેટલાક વર્ષોથી કચ્છી ભરતની માંગ ખુબ વધી છે : ૧૫૦ થી ૨૦૦૦ રૂપિયા સુધીનો એક નોરતે ખર્ચ કરતા ગરબા શોખીનો

ગાંધીનગર, તા. ૧૯

**નવરાત્રિ કાઉન્ટ-ડાઉન**

ગાંધીનગરનું યુવા ધન નવરાત્રિના ઢોલ ક્યારે ઢબૂકે તેની રાહ જોઈને થનગની રહ્યું છે. નગરમાં નવરાત્રિના ખેલૈયાઓએ રાસ-ગરબામાં પોતાનો 'રોલો' પડી જાય તે માટે ખૂબ જ ઝીણવટપૂર્વક ખંતથી તૈયારીઓ કરી રહ્યાં છે. નવરાત્રિમાં ટ્રેડીશનલ ડ્રેસીસનું ખૂબ જ મહત્વ છે અને તે વગર ગરબામાં એન્ટ્રી મળતી નથી ત્યારે દરરોજ માટે નવા ડ્રેસનો મોંઘો ખર્ચ કરવાને બદલે ખેલૈયાઓ ભાડે





(તસવીર : કશ્યપ નિમાવત)

ડ્રેસ લાવવાનું વધુ મુનાસીબ સમજે છે. આ જ કારણે નગરમાં નવરાત્રિ માટેના પરંપરાગત વસ્ત્રો ભાડે આપવાનો ધીકતો વેપાર ચાલી રહ્યો છે.

દરેક યુવા ખેલૈયાને ગરબામાં પોતાનો 'વટ' પડે અને પ્રેક્ષકોનું ધ્યાન પોતાની તરફ ખેંચાય અથવા કેમેરાની ક્લિક કે પ્રિયજનની આંખ મળે તે માટેની અપેક્ષા હોય છે. પોતાના પરફોર્મન્સ સાથે ડ્રેસ પણ ધ્યાનાકર્ષક હોય તેનું ખેલૈયાઓ ખૂબ ધ્યાન રાખતા હોય છે. આજની મોંઘવારીમાં નવરાત્રિ માટેના ટ્રેડીશ્નલ ડ્રેસીસના ભાવમાં ખૂબ ઉછાળો

● અનુસંધાન પાન-૭ પર

# ગાંધીનગરમાં વધુ પ્રમાણમાં નકલી નોટો ફરતી થવા લાગી...!

## શહેરની બેંક ઓફ બરોડા બેંકમાં ૩૯ નકલી ચલણી નોટો જમા થઈ : અન્ય બેંકોમાં જમા થયેલી અલગ

ગાંધીનગર, તા.૧૯

દેશમાં નકલી ચલણી નોટો ઘુસાડીને અર્થતંત્રને અસર કરવાનું કાવતરું ખુબ મોટા પાયે ચાલી રહ્યું છે ત્યારે હવે નકલી ચલણી નોટો છેક ગાંધીનગર સુધી મોટા પાયે આવવા લાગી હોય તેમ લાગી રહ્યું છે. છેલ્લા પાંચ મહિનામાં ગાંધીનગરની એક જ બેંકમાં વિવિધ દરની ૩૯ નકલી ચલણી નોટ જમાથી હોવાનું ધ્યાને આવ્યું છે.તે સિવાય હરતી ફરતી અન્ય બેંકોમાં જમા થઈ હોય તે અલગ...! સે-૧૧માં સ્થિત બેંક ઓફ બરોડામાં ૩૯ નકલી નોટો આવી હોવાની ફરિયાદ કેશ ઓફીસરે નોંધાવી છે. જેની તપાસ ગાંધીનગર એલસીબીએ શરુ કરી છે. ગાંધીનગર શહેરના સે-૧૧ સ્થિત બેંક ઓફ બરોડાના કેશ





ઓફીસર જયેશકુમાર ત્રિવેદીએ સે-૭ પોલીસ સ્ટેશનમાં નોંધાવેલી ફરિયાદ ચોંકાવી મુકે તેવી છે. બેંક ઓફ બરોડા સે-૧૧માં એપ્રિલથી સપ્ટેમ્બર સુધીના સમયગાળામાં ૩૯ નકલી ચલણી નોટો જમા થઈ છે. રૂ. ૧ હજારની ૨૦, રૂ. ૫૦૦ની ૧૩ અને રૂ. ૧૦ની ૬ નકલી ચલણી નોટો બેંકમાં જમા થઈ છે. શહેરની એક જ બેંકમાં આટલી મોટી સંખ્યામાં જમા થયેલી નકલી નોટ ચિંતાજનક બની છે અને બીજી બેંકોમાં તથા બજારમાં કેટલી નકલી નોટો ફરતી હશે તે મોટો પ્રશ્ન ઉદભવ્યો છે સમગ્ર મામલા અંગે ગાંધીનગર એલસીબીએ ઝીણવટભરી તપાસ શરુ કરી છે.

# સ્વર્ણિમ પાર્કમાં વોટર બોડીના નિર્માણ માટે ૧૦ વૃક્ષો કપાશે

## અન્ય વૃક્ષો યથાવત રાખવામાં આવશે :વૃક્ષો કાપવા માટે અગાઉ વનવિભાગે મંજૂરી આપી હતી

ગાંધીનગર, તા.૧૯

નગરના મધ્ય વિસ્તારમાં આકાર લેતા સ્વર્ણિમ પાર્કમાં વોટર બોડી નિર્માણ કરવાનું કામ હાથ ધરવામાં આવ્યું છે. જયારે વોટર બોડીના રૂટમાં આવતા ૧૦ જેટલા વૃક્ષોને દૂર કરવામાં આવશે.જો કે વૃક્ષો કાપવા સંદર્ભે અગાઉ વન વિભાગ કક્ષોથી મંજુરી આપી દેવાઈ છે.

શહેરના હાર્દસમા વિસ્તાર ખ-૪ થી ચ-૪ વચ્ચેના રૂટમાં સ્વર્ણિમ પાર્કનું નિર્માણ કરવામાં આવ્યું છે. હાલ પ્રથમ તબક્કાની કામગીરી બાદ ઘ-૪ થી ચ-૪ વચ્ચેના રૂટમાં પ્રોજેકટનું કામ આગળ ધપાવવામાં આવી રહ્યું છે. ઘ-૪ થી ચ-૪ વચ્ચેના રૂટમાં વિવિધ પ્રકારના પ્લાઝા, ગાર્ડન, પ્લાન્ટેશન ઉપરાંત વોટર બોડી સહીતના આકર્ષણો ઉભા કરવામાં આવનાર છે. હાલ વોટરબોડીના નિર્માણ માટેનું ખોદકામ શરુ કરી દેવાયું છે. આ વિસ્તારમાં સ્થિત આંબેડકરના સ્ટેચ્યુ પાસે વોટરબોડી અસ્તિત્વમાં આવશે જેમાં વિવિધ પ્રકારના કલરફૂલ ફાઉન્ટેઈન પણ મુકવામાં આવશે. સ્વર્ણિમ પાર્કના આયોજનને અનુલક્ષી રૂટમાં આવતા વૃક્ષો ન કાપવાનો નિર્ણયલેવાયો છે. જેને લઈ આ વિસ્તારમાં અંદાજિત ૫૦ વૃક્ષો યથાવત રાખવામાંઆવશે. પરંતુ વોટરબોડીના સ્થાને સ્થિત ૧૦ જેટલા વૃક્ષો કાપવામાંઆવશે. વન વિભાગ દ્વારા અગાઉ આ વૃક્ષો કાપવા માટેની મંજુરી પણ આપી દેવાઈ છે. આગામી દિવસોમાં વૃક્ષો દૂર કરી આગળની કામગીરી હાથ ધરવામાં આવશે.

# રાજયભરમાં ૨૫મીથી 'સ્વચ્છ ભારત સપ્તાહ'ની ઉજવણી કરાશે

ગાંધીનગર, તા.૧૯

સ્વચ્છતા અંગે લોકજાગૃતિ કેળવાય તે આશયથી સમગ્ર દેશમાં ૨૫મી સપ્ટેમ્બર-૨૦૧૪ થી ૨જી ઓકટોબર-૨૦૧૪ દરમિયાન "સ્વચ્છ ભારત સપ્તાહ" ઉજવવાનું કેન્દ્ર સરકાર દ્વારા આયોજન કરાયું છે. જેના ભાગરૂપે ગુજરાતમાં પણ આ સપ્તાહની ઉજવણી કરવામાં આવશે તેમ શહેરી વિકાસ વિભાગની યાદીમાં જણાવાયુ છે.

યાદીમાં વધુમાં જણાવ્યાનુસાર રાજયના શહેરી વિસ્તારોમાં ૨૫મી સપ્ટેમ્બર-૨૦૧૪ થી ૨જી ઓકટોબર-૨૦૧૪ દરમિયાન "સ્વચ્છ ભારત" ની વિભાવનાને ચરિતાર્થ કરવા સરકારી સંસ્થાઓ, બિનસરકારી સંસ્થાઓ અને વિવિધ સમુદાયોની સક્રિય ભાગીદારી દ્વારા સ્વચ્છતા અંગે જાગૃતિ કેળવવાના પ્રયાસો હાથ ધરવામાં આવશે.

સમગ્ર સપ્તાહ દરમિયાન સ્વચ્છતા અંગે વિવિધ માધ્યમો દ્વારા લોકજાગૃતિ કેળવાય તેવા પ્રયાસો હાથ ધરાશે. જેમાં રસ્તા અને શેરી સ્વચ્છતા દિવસ, શાળા-કોલેજ સ્વચ્છતા દિવસ, હોસ્પિટલ સ્વચ્છતા દિવસ, શૌચાલય સ્વચ્છતા દિવસ, સંસ્થા સ્વચ્છતા દિવસ, હોટલ/રેસ્ટોરન્ટ/બેકરી/અન્ય ખાણી-પીણીની દુકાનો માટે સ્વચ્છતા દિવસ, સ્વચ્છતા અંગે પ્રતિજ્ઞા લેવાનો દિવસ જેવા વિવિધ દિવસોની ઉજવણી કરાશે.

# સે. ૨૪ ઈન્દિરાનગર વિસ્તારમાં પાણી-ગટરની સમસ્યાએ ભરડો લીધો

## મહીલાઓએ પાટનગર યોજના ભવનમાં હોબાળો મચાવ્યો

## પીવાના દૂષિત પાણી અને ગટરો ઉભરાતા રહીશોમાં આક્રોશ

ગાંધીનગર, તા. ૧૯

સે. ૨૪ ના ઈન્દિરાનગર વિસ્તારમાં પાણી અને ગટરની સમસ્યાથી સ્થાનિક રહીશો ગળે આવતા આજે મહીલાઓએ પાટનગર યોજના વિભાગમાં હોબાળો મચાવ્યો હતો. આ વિસ્તારમાં ગટરો ઉભરાતા હવે પીવાનું પાણી પણ દૂષિત આવતુ હોવાનો આક્રોશ પ્રબળ બન્યો છે. પાણી-ગટરના પ્રશ્નથી ત્રસ્ત મહીલાઓએ આજે દૂષિત પાણીના નમૂના સાથે તંત્ર સમક્ષ આક્રમક રજૂઆત કરી હતી. આખરે તંત્ર કક્ષાએથી સ્થળ મુલાકાત લઈ પ્રશ્ન હલ કરવાની ખાત્રી અપાતા મામલો થાળે પડ્યો હતો.

શહેરમાં હાલની સ્થિતિએ દાયકાઓ જૂની ગટર વ્યવસ્થાના લીધે છાશવારે ગટરો ઉભરાતી હોવાની સમસ્યા ઉદ્દભવે છે. દાયકાઓ પૂર્વે શહેરની વસતી અને વિકાસને ધ્યાને લી ગોઠવાયેલી ગટર વ્યવસ્થા હાલ પર્યાપ્ત અને સક્ષમ ન હોવાનુ ચિત્ર સ્પષ્ટ થયું છે ત્યારે ગટર વ્યવસ્થામાં અપગ્રેડ કરવાનું પણ અનિવાર્ય બન્યું છે. સે. ૨૪માં પણ ગટરની સમસ્યા જટીલ બની છે. સેકટરના ઈન્દીરાનગર વિસ્તારમાં છેલ્લા ઘણા સમયથી ગટરો ઉભરાતા રહીશોના ઘરો પાસે દૂષિત પાણીનો ભરાવો થાય છે જ્યારે ગરટલાઈનનું પાણી પીવાના પાણી સાથે ભળી જતા દૂષિત પાણી આવતુ હોવાનો કકળાટ પણ પ્રબળ બન્યો છે. આવા સંજોગોમાં સ્થાનિક રહીશોએ પીવાના પાણી માટે પણ વલખા મારવા પડે છે. આ સ્થિતિથી ત્રસ્ત સ્થાનિક મહીલાઓએ આજે પાટનગર યોજના વિભાગમાં ઘેરાવો કર્યો હતો. દૂષિત પાણીના નમૂના સાથે

● અનુસંધાન પાન-૭ પર

# ખેલ મહાકુંભ માટે ૩૦મી સુધી રજીસ્ટ્રેશન કરાવી શકાશે

ગાંધીનગર, તા.૧૯

રાજય સરકારના સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ગુજરાત દ્વારા આયોજીત ખેલ મહાકુંભ-૨૦૧૪નું રજીસ્ટ્રેશન ૩૦મી સપ્ટેમ્બર-૨૦૧૪ સુધી કરી શકાશે તેમ સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ગુજરાતની યાદીમાં જણાવાયું છે.

યાદીમાં જણાવ્યાનુસાર ખેલ મહાકુંભ-૨૦૧૪નુંઆયોજન આ વર્ષે તા.૦૪-૧૦-૨૦૧૪ થી તા.૨૨-૧૧-૨૦૧૪ દરમિયાન હાથ ધરાનાર છે. ખેલ મહાકુંભમાં ભાગ લેનાર ખેલાડીઓનું રજીસ્ટ્રેશનનો પ્રારંભ તા.૧૫-૦૮-૨૦૧૪થી તા.૨૧-૦૯-૨૦૧૪ સુધી રાખવામાં આવ્યું હતું. તેની મુદત લંબાવીને તા.૩૦મી સપ્ટેમ્બર-૨૦૧૪ કરવામાં આવી છે.

### બેસણું



સ્વ. બબાભાઈ પટેલ | સ્વ. હસમુખભાઈ પટેલ | સ્વ. ભવ્યદીપ પટેલ

અમારા પૂજ્ય પિતાશ્રી બબાભાઈ શંભુભાઈ પટેલ, મામાશ્રી હસમુખભાઈ વિરચંદદાસ પટેલ (દાસભાઈ) અને ભાઈશ્રી ભવ્યદીપ હસમુખભાઈ પટેલનું તા. ૧૮-૯-૨૦૧૪ના રોજ માર્ગ અકસ્માતમાં દુ:ખદ અવસાન થયેલ છે. સ્વર્ગસ્થનું બેસણું તા. ૨૦-૯-૨૦૧૪ને શનિવારના રોજ સવારે ૮ થી ૧૧ દરમ્યાન પ્લોટ નં. ૮૦૯, સોમેશ્વર સોસાયટી, સેક્ટર-૨૭, ગાંધીનગર ખાતે રાખેલ છે. તેમજ સ્વશ્રી બબાભાઈ શંભુભાઈ પટેલનું સુવાળુ તા. ૨૨-૯-૨૦૧૪ને સોમવારના રોજ પુંધરા (કૈલાસ કોલોની) મુકામે રાખેલ છે.

લિ.

જતીન બબાભાઈ પટેલ । રમેશભાઈ શંભુભાઈ પટેલ
મહેશ રમેશભાઈ પટેલ । સમસ્ત ઉબખડીયા પરિવાર
સાજન ડાઈનીંગ હોલ । આવકાર રેસ્ટોરન્ટ
હોટલ યાત્રી । હોટલ સ્ટેઈન

### બેસણું



અમારા પિતાશ્રી **ગુલાબભાઈ દેહાભાઈ વાણિયા** (અંકેવાળીયાવાળા)નું તા. ૧૭/૯/૨૦૧૪ને બુધવારના રોજ દુ:ખદ અવસાન થયેલ છે. **સદ્દગતનું બેસણું તથા બારમું (સમાજના રીત-રીવાજ મુજબ) તા. ૨૧/૯/૨૦૧૪ને રવિવારના રોજ સવારે ૯-૦૦ થી બપોરે ૪-૦૦ કલાક** સુધી નીચેના સ્થળે રાખેલ છે.

સ્થળ : સરકારી લગ્નવાડી, અરવિંદ કેન્દ્ર સામે, સેક્ટર-૨૩, ગાંધીનગર.

| | |
|---|---|
| નાગરદાસ દેહાભાઈ વાણિયા (નાનાભાઈ) | જગદીશભાઈ ગુલાબભાઈ વાણિયા (પુત્ર) |
| ચતુરભાઈ નરસિંહભાઈ વાણિયા (પિતરાઈ ભાઈ) | પ્રવિણભાઈ ગુલાબભાઈ વાણિયા (પુત્ર) |
| નટવરભાઈ વસરામભાઈ વાણિયા (ભત્રીજા) | બળવંતભાઈ બાબુભાઈ વાણિયા (ભત્રીજા) |

**તથા વાણિયા પરિવાર**

### શ્રધ્ધાંજલિ



| સ્વ. બબાભાઈ પટેલ | સ્વ. હસમુખભાઈ પટેલ | સ્વ. ભવ્યદીપ પટેલ |
|---|---|---|
| જન્મ તા. ૧.૬.૧૯૫૫ | જન્મ તા. ૧૨.૧૨.૧૯૬૫ | જન્મ તા. ૧૭.૮.૧૯૮૬ |
| નિર્વાણ તા. ૧૮.૯.૨૦૧૪ | નિર્વાણ તા. ૧૮.૯.૨૦૧૪ | નિર્વાણ તા. ૧૮.૯.૨૦૧૪ |

અમારા પરિવારના મોભી અને આગેવાન વેપારી શ્રી બબાભાઈ પટેલ, આધારસ્તંભ સમા શ્રી હસમુખભાઈ પટેલ (દાસભાઈ) તથા અમારા પરિવારનાં રતન શ્રી ભવ્યદીપ પટેલની આકસ્મિક અણધારી વિદાયથી અમારા પર આભ ફાટી પડ્યું છે.

પરમ કૃપાળુ પરમાત્મા સદ્દગતના આત્માને પોતાના સાનિધ્યમાં ચિર શાંતિ અર્પે એવી પ્રાર્થના...

આ કારમા આઘાતની વેળાએ આપ સહુ સ્નેહીજનો, પરિવારજનો અને વેપારી મિત્રોની સાંત્વના બદલ સહુને અંતઃકરણપૂર્વક પ્રણામ.

લિ.

સાજન ડાઈનીંગ હોલ, સે. ૧૬ | આવકાર રેસ્ટોરન્ટ, સે. ૧૬
હોટલ સ્ટેઈન, સે. ૧૬ | હોટલ શુગુન, સે. ૧૬
હોટલ યાત્રી, સે. ૧૬ | હોટલ વરૂણ, સે. ૧૬
હોટલ વસુંધરા, સે. ૧૬, ગાંધીનગર

### મળશે નહી

તા. ૨૦/૯/૨૦૧૪થી ૨૩/૯/૨૦૧૪ સુધી **ડો. છાટબાર** સે.૧૭, ગાંધીનગર ત્રિપુરા મેડીકલ કૉલેજમાં જતા હોવાથી મળશે નહી. તા. ૨૪/૯/૨૦૧૪થી રાબેતા મુજબ મળશે.






SANGHI CEMENT · KisaN · ashirvad C. PVC, UPVC · TATA STEEL • PIPES • SHEETS · VINAYAK 500 TMT BARS - ISI · BENELAVE BATH FITTINGS · DR.FIXIT

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ

**જગદીશ સ્ટીલ સ્ટોર્સ**

પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮, ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬

શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૮૭૮૭૭

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Y.A. MANSURI
M. : 9824049503
SANJAY S. SHAH
P. Manubhai Medical
Since 1986
अभय®
Government Approved Contractor
• Corporate Gathering • Celebrations • Exhibitions
• Marriage • Reception • Parties • Seminars
ABHAY DECORATORS
FEEL FREE, BE FEARLESS
CORRESPONDENCE OFFICE
Plot No. E-192, 193, 194,
B/h. Videocon Factory, Electronics Estate,
GIDC, Sector-26, Gandhinagar.
Ph. : 079-232 87368, Fax : 079-232 87292
REGD. OFFICE : B-203, Aman Flats, Opp. B.J.P. Office,
J.P. Chowk, Khanpur, Ahmedabad. Ph. : 079-25503943
email : info@abhaydecorators.com, www.abhaydecorators.com


Govt. of India Regd. No. 38383 / 82 **માલિક - પ્રકાશક - મુદ્રક :** પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૬૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. **તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧** E-mail : gandhinagarsamachar@yahoo.com